# SITPON GUJARAT WELFARE TRUST

***Est: 2013***

વો લમ્હા જિન્દગીભર કી ઈબાદત સે ભી પ્યારા હય
જો એક ઈન્સાન ને લોગોં કી ખિદમત મેં ગુજારા હય

---

**Our Bank Details**

Account Name: Sitpon Gujarat Welfare Trust
Bank Name: Barclays Bank
Bank Sort Code: 20-49-17
Account Number: 63620603

Website: www.sgwtrust.org - E-mail: info@sgwtrust.org



**Wheelchairs ready for distribution**

આપણા સમાજમાં અત્યાર સુધી વિકલાંગ લોકોની ખાસ નોંધ લેવામાં આવતી ન હતી. આપણા ટ્રસ્ટે વિકલાંગ લોકો પણ થોડું હલનચલન કરી શકે અને તેમના જીવનમાં થોડી રાહત પેદા થાય એ આશયે ૧૦૦ જેટલી આધુનિક વ્હીલચૅરોનું વિતરણ કરવાનું આયોજન કર્યું છે. વ્હીલચૅરો ખરીદાઈ ગઈ છે, ટૂંકમાં વિતરણ થશે. આ પણ માનવતાનું એક ઉમદા કામ છે. અલ્લાહ પાક આપણી આ નેકીને પણ કબુલ ફરમાવે.

# સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ

*અહેવાલ રજૂ કરનાર: જ. યાકુબભાઈ ઠેબા, મહામંત્રી*

*અલ્લાહના નામથી શરૂ જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.*

૨૦૧૩માં લેસ્ટર ખાતે યોજાયેલી ગામના વતનીઓની એક જાહેર મિટિંગમાં **"સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ"**ની સ્થાપના કરવામાં આવી હતી અને નીચે મુજબ ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના સભ્યોની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી જેનાથી આપ સૌ વાકેફ છો. નિયુક્ત થયેલા આ ટ્રસ્ટીઓ અને કાર્યવાહક કમિટીના સભ્યો આજપર્યંત પોતાના સમય-શક્તિનો ભોગ આપીને તમામ સભ્યોના સુંદર અને ઉત્સાહપૂર્વકના સાથસહકાર સાથે ગામના વિકાસ અને પ્રગતિ માટે ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક નિસ્વાર્થ સેવા બજાવી રહ્યા છે. જે થકી વર્ષ દરમિયાન અનેક લોકોપયોગી કામો કરવામાં અને ચાલુ પ્રોજેકટોને સારી રીતે ચલાવવામાં આપણે અલ્લાહની મહેરબાનીથી કામયાબ રહ્યા છીએ. સંપ, સહકાર અને સેવાની આ ઉમદા અને ઉત્કટ ભાવના આપણા સૌમાં જળવાઈ રહેશે તો આપણે પ્રગતિ અને વિકાસના વધુ સોપાનો જરૂર સર કરી શકીશું.

| Trustees | |
|---|---|
| **Name** | **Town** |
| Yakubbhai Dasu | Leicester |
| Bashirbhai Dasu | Leicester |
| Suleman Issa (Sadhuwala) | Leicester |
| Mohammed Shafiq Abdullah Patel | Leicester |
| Mohammed Ibrahim (Mojiwala) | London |
| Ayyub Adam Master | London |
| Noormohammed Umarji Mogra | Bolton |

| Executive Committee | | |
|---|---|---|
| **Name** | **Position** | **Town** |
| Musabhai Theba | Chairman | Preston |
| Saeed Banglawala | Vice Chairman | Leicester |
| Yakoobbhai Theba | Secretary | Bolton |
| Abdulrazzak Koshiya | Joint Secretary | Leicester |
| Ilyas Bhola | Treasurer | Leicester |
| Yakoob Ali Chhota | Joint Treasurer | Bolton |

**૨૦૧૪-૧૫ના વરસ દરમિયાન થયેલાં કેટલાંક અગત્યનાં કામોની યાદી:**

(૧) ગામ અને આસપાસના દર્દીઓના લાભાર્થે ગામમાં ચાલતા શિફા દવાખાનાને જરૂરી ખર્ચને પહોંચી વળવા નાણાકીય સહાય કરવામાં આવી.

(૨) ગામની વિધવાઓને મદદ કરવા જરૂરી નાણાં પૂરાં પાડવામાં આવ્યાં.

(૩) ગામના ગરીબ દર્દીઓની સારવાર માટે જરૂરી ફંડ પૂરું પાડયું.

(૪) ગામની હાઈ સ્કૂલમાં ધોરણ ૧૧ - ૧૨ની પરવાનગી મળતાં વધારાના બે રૂમની જરૂર ઊભી થઈ હોવાથી તેની સગવડ કરી આપવા જરૂરી નાણાકીય સહાય કરવામાં આવી.

(૫) ગામના ગરીબ છોકરા છોકરીઓની શાદી કરાવી આપવા એ માટેના ફંડમાં જરૂરી વધારો કરવામાં આવ્યો.

(૬) ૨૦૧૩માં રેલસંકટમાં મરહુમા જુબેદાબહેન લાકડાનું મકાન જમીનદોસ્ત થઈ ગયું હતું તેને સંસ્થાના ખર્ચે ફરીથી બાંધી આપવામાં આવ્યું.

(૭) સગર્ભા સ્ત્રીઓના ચેકઅપ માટે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્ત્રી રોગોના ચિકિત્સક નિષ્ણાંતો દ્વારા સગર્ભા મહિલાઓને તપાસવામાં આવી હતી જેમાંથી ૧૦૨ જેટલી મહિલાઓને પ્રોટીન પાઉડરના બોક્ષનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(૮) યુ.કે.માંથી રમઝાનમાં સદકએ ફિત્ર (ફિતરા)ની જમા થયેલી રકમ ઈદના દિવસ પહેલાં ગામ સહિત આજુબાજુના ૧૨ ગામોમાં ૨૪૬ જેટલા ગરીબ, નિરાધાર એવા ઝકાતના હકદાર કુટુંબોમાં વહેંચવામાં આવી હતી.

(૯) ગામ તથા આજુબાજુના લોકોના લાભાર્થે આંખોના મોતિયાની તપાસ માટે એક Eye Camp (આંખોનો કેમ્પ) રાખવામાં આવ્યો હતો જેમાં બરોડાના પ્રખ્યાત Eye Specialist (આંખોના નિષ્ણાંત ડૉકટર)ની સેવાઓ પ્રાપ્ત થઈ હતી. આ કેમ્પનો ૨૪૦ જેટલા લોકોએ લાભ લીધો હતો જેમાંથી ૬૫ જેટલા લોકોને મોતિયાના ઓપરેશનની જરૂર જણાતાં તેમને બરોડા લઈ જઈ જરૂરી ઓપરેશન કરાવી આપવામાં આવ્યાં હતાં.

(૧૦) દાંતોની માવજત અને વ્યસન મુક્તિ માટે આપણા ડેન્ટિસ્ટ અમીત શાહ તથા અમદાવાદના તબીબો દ્વારા એક કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ૧૩૮ લોકોની દાંતોની તપાસ અને યોગ્ય ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૩૬ જેટલા

બીડીસિગરેટના વ્યસનીઓએ પણ વ્યસન મુક્તિ માટે ભાગ લીધો હતો જેમને વીડિઓ અને ફોટાઓ બતાવી એ વિષયને લગતી જરૂરી માહિતી આપવામાં આવી હતી. વ્યસન મુક્તિ માટે તેમને નિકટીન રિપ્લેસમેન્ટ ટેબલેટ્સ પણ આપવામાં આવી હતી.

(૧૧) સિતપોણ ગામના તથા આજુબાજુના ગામોના અપંગ લોકો માટે લગભગ ૧૦૦ જેટલી આધુનિક વ્હીલચૅરો ખરીદવામાં આવી છે જેનું ટૂંક સમયમાં વિતરણ કરવામાં આવશે.

(૧૨) ગામમાં કપડાં ધોવાની સગવડ માટે નવા ઓવારાનું બાંધકામ ચાલુ કરવામાં આવ્યું છે જે ઈન્શા અલ્લાહ મે મહિના સુધીમાં પૂરું થઇ જશે. આ કામ માટે મરહુમ હાજી યુસુફ દુધિયા સાહેબના દાનવીર કુટુંબ તરફથી મરહુમા આયશા યુસુફ દુધિયાના ઈસાલે સવાબ માટે જરૂરી એવું માતબર ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. આ કુટુંબ ગામોપયોગી કામો માટે દાન આપવામાં હંમેશાં અગ્રસ્થાને રહ્યું છે.

(૧૩) સિતપોણ ગામની શોભા વધારવા ગામમાં પ્રવેશતાં એક સુંદર અને આકર્ષક, મુલાકાતીઓને આવકારતું પ્રવેશદ્વાર ઊભું કરવા યુવક મંડળ સિતપોણને સૂચના આપવામાં આવી છે. આ કામ ઈન્શાઅલ્લાહ ઓવારાનું કામ પૂર્ણ થતાં શરૂ કરવામાં આવશે.

માલિકની મહેરબાનીથી આપણે ઉપરોક્ત કામો સફળતાપૂર્વક કરી શકયા છીએ. એ કામોને પાર પાડવા માટે આપ સૌના તરફથી જે કંઇ પણ નામું મોટું દાન મળ્યું છે તેણે ગામના ગરીબ, બીમાર, નિરાધાર અને વિકલાંગ લોકોનું જીવન કંઈક અંશે પણ બદલવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. યાદ રહે કે "દાન કરવા માટે અબજોપતિ હોવું જરૂરી નથી. દાન કરવાની ઈચ્છા માત્ર જરૂરી છે. અને એ ઈચ્છા પ્રગટે છે આપણી જાત સિવાયની દુનિયા માટેની કરુણામાંથી; અને દુનિયા આખીની ચિંતા કરવાની પણ જરૂર નથી. એક નાનું દાન, એક નાનું કામ એક જણની દુનિયા બદલે તે પણ ઘણું છે."

અંતમાં 'સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના સભ્યો ઘણાજ ઉત્સાહપૂર્વક કામ કરી રહ્યા છે જે વર્ષ દરમિયાન કરવામાં આવેલાં ઉપરોક્ત કામો પરથી આપ જોઇ શકો છો. યુ.કે.માં વસતા તમામ સિતપોણવાસીઓ, સિતપોણ ગામના લોકો અને યુવક મંડળના કાર્યકર્તાઓ એ બધા જ આ કામમાં જરૂરી તમામ સાથ સહકાર આપી રહ્યા છે અને અમને આશા છે કે એવો સાથસહકાર હંમેશાં મળતો રહેશે તો નિખાલસ અને નિસ્વાર્થ સેવાભાવી કાર્યકરોની હિંમત અને ધગશ વધતી રહેશે અને સંસ્થા ભવિષ્યમાં પણ અનેક લોકોપયોગી કામો કરી શકશે.

*ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના સભ્યોની મંજુરીથી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.*

ગામ ખાતે જે નિયમિત પ્રોજેકટો ચાલે છે તેમની સફળતા દર્શાવતા એપ્રિલ ૨૦૧૪થી માર્ચ ૨૦૧૫ સુધીના કેટલાક આંકડાઓ નીચે મુજબ છે:

મેડિકલ વિભાગ

| વિભાગ | દર્દીઓની સંખ્યા |
|---|---|
| જનરલ ઓ.પી.ડી. | ૧૪,૪૮૦ |
| ડેન્ટલ (દાંત) વિભાગ | ૧,૦૮૬ |
| મેડિકલ સહાય | |
| દવા સહાય | ૬ |
| ઓરપરેશન સહાય | ૭ |
| વિકલાંગ સહાય (વ્હીલચેર વિતરણ) | ૧૦૦ |
| એમ્બ્યુલન્સ સહાય | ૩૩ |

મેડિકલ કેમ્પ

| કેમ્પનો પ્રકાર | લાભ લેનાર વ્યક્તિઓની સંખ્યા |
|---|---|
| સગર્ભા સ્ત્રીઓ માટે ન્યુટ્રિશન કેમ્પ અને સોયા પ્રોટીન પાવડર વિતરણ | ૧૦૨ |
| આંખનો કેમ્પ | |
| તપાસ | ૨૩૮ |
| મોતિયા નિદાન | ૬૫ |
| મોતિયાનું ઓપરેશન | ૫૧ |
| દાંતોની ચિકિત્સા અને વ્યસન મુક્તિ કેમ્પ | |
| દાંત તપાસ | ૧૩૮ |
| વ્યસન મુક્તિ | ૩૬ |

સામાજિક સહાય

| કેવા પ્રકારની સહાય | સહાય મેળવનાર વ્યક્તિઓની સંખ્યા |
|---|---|
| શાદી સહાય | ૧૧ |
| વિધવા સહાય | ૩૬ |
| શૈક્ષણિક સહાય | ૨ |
| સદકએ ફિત્ર | ૨૪૬ |

તહુરા વોટર ફિલ્ટર અને ચીલર પ્લાન્ટ

| કયા પ્રકારનું પાણી | ડ્રમોની સંખ્યા |
|---|---|
| સાદુ પાણી (૧૦ લિટર) | ૭૨,૦૦૦ ડ્રમ |
| ઠંડું પાણી (૨૦ લિટર) | ૬,૦૦૦ ડ્રમ |

# SITPON GUJARAT WELFARE TRUST

***Report prepared by: Yakubbhai Theba, General Secretary***

*In the name of Allah, Most Gracious, Most Merciful.*

As you know **'Sitpon Gujarat Welfare Trust'** was formed in 2013 at a general meeting of the people from Sitpon village held in Leicester where the following Trustees and members of the Executive Committee were unanimously appointed. These Trustees and Committee Members have been giving their valuable and selfless services for the welfare of our village with the help and cooperation of all our members. I am pleased to say that with the grace of Allah *subhanahu wa taala* we have been able to do many works of public welfare and run the necessary projects in the village during the past year.

| **Trustees** | |
|---|---|
| **Name** | **Town** |
| Yakubbhai Dasu | Leicester |
| Bashirbhai Dasu | Leicester |
| Suleman Issa (Sadhuwala) | Leicester |
| Mohammed Shafiq Abdullah Patel | Leicester |
| Mohammed Ibrahim (Mojiwala) | London |
| Ayyub Adam Master | London |
| Noormohammed Umarji Mogra | Bolton |

| **Executive Committee** | | |
|---|---|---|
| **Name** | **Position** | **Town** |
| Musabhai Theba | Chairman | Preston |
| Saeed Banglawala | Vice Chairman | Leicester |
| Yakoobbhai Theba | Secretary | Bolton |
| Abdulrazzak Koshiya | Joint Secretary | Leicester |
| Ilyas Bhola | Treasurer | Leicester |
| Yakoob Ali Chhota | Joint Treasurer | Bolton |

**List of some important works done during the year 2014-15:**

(1) Financial help was provided to the Shifa Clinic which is run in the village for the benefit of the patients of the village and the surrounding areas.

(2) Necessary funding was provided to help the widows of the village.

(3) Necessary funding was also provided for the treatment of the poor patients of the village.

(4) As our High School received the permission for Standard 11 and 12 (equivalent to our A Level), we provided the necessary fund to build two extra classrooms which were needed for the purpose.

(5) Funding was increased to arrange the marriages of the poor boys and girls of the village.

(6) The house of late Jubedaben Lakda was demolished in the heavy monsoon floods in 2013. Our Trust paid for the rebuilding of her house.

(7) A check up camp was organized for the benefit of the pregnant women who were examined and advised by the gynaecologists and 102 women were given boxes of protein powder.

(8) The amount of *sadaqat-ul-fitr* collected in the UK during the month of Ramadan was distributed to the poor and needy persons of Sitpon and the surrounding villages before the Eid day.

(9) An Eye Camp was organized for the benefit of the people of our village and also people from the surrounding areas where well known eye specialists from Baroda gave their valuable services. Some 240 people took advantage of this camp out of which 65 people were diagnosed requiring treatment for cataracts. They were taken to Baroda for cataract operations.

(10) A Camp was organized by our dentist Amit Shah and doctors from Ahmedabad for dental check-ups and freedom from tobacco and other addiction. A total of 138 people were examined and treated for dental decay etc. Some 36 people also took part in this camp to stop smoking. They were shown some photographs and a video on the subject and given useful information. They were also issued with Nicotine Replacement Tablets to help them kick the habit.

(11) Some 100 modern wheelchairs have been purchased for the benefit of the disabled people of Sitpon and the surrounding villages. Distribution of these wheelchairs will soon be made.

(12) The construction work of the Village Washing Platform has already started which it is hoped to be finished by May of this year, *Insha Allah*. The money for this work has been paid for by the philanthropic family of late Haji Yusuf Dudhiya for the *isale sawab* of late Ayesha Yusuf Dudhiya. This family has always been at the forefront when it comes to making donations for works of *khidmat-e-khalq* and village welfare. May Allah (swt) give them the best of rewards both in this world and the Hereafter.

(13) Yuvak Mandal Sitpon has been instructed to design and erect an attractive and welcoming Entrance Gate or Arch to increase the beauty of our village. This work will commence once the work of the Washing Platform is completed.

The Trustees and Members of the Executive Committee of 'Sitpon Gujarat Welfare Trust' are working shoulder to shoulder with great enthusiasm which you can see from the works carried out. All our members living in the UK are lending their helping hand whenever needed and we hope that they will continue to do so in the years to come. This does provide the much needed impetus to make further progress to make life better for the people of our beloved village.

*This report has been prepared with the approval of the Trustees and the members of the Executive Committee.*

## The number of people benefitting from the various services provided by our Trust from April 2014 to March 2015 is as follows:

**Medical Section**

| Department | No of Patients |
|---|---|
| General O.P.D. | 14,480 |
| **Dental Department** | 1,086 |
| **Medical** | |
| Medicine help | 6 |
| Operation help | 7 |
| Disabled people help (Distribution of wheelchairs) | 100 |
| Ambulance help | 33 |

**Medical Camps**

| Type of Camp | No of people availing of the service |
|---|---|
| **Nutrition Camp for Pregnant women and distribution of Soya Protein Powder** | 102 |
| **Eye Camp** | |
| Eye Test | 238 |
| Cataract diagnosis | 65 |
| Cataract operation | 51 |
| **Dental Check-up and Giving up Smoking** | |
| Dental Check up | 138 |
| Giving up smoking | 36 |

**Social / Educational Help**


| Section | No of people helped |
|---|---|
| Marriage | 11 |
| Widows | 36 |
| Education | 2 |
| Sadaqat-ul-fitr | 246 |

**Tahura Water Filter and Chiller Plant**

| Type of Water | No of Drums |
|---|---|
| Simple Water (10 Litres) | 72,000 drums |
| Cold Water (20 Litres) | 6,000 drums |



**Eye Test**




**Dental Check-up**

ઘર આંગણે મળતી દાંતો અને આંખોને લગતી આ સેવાઓ ગામ ઉપરાંત આજુબાજુના ઘણાં ગામોના ગરીબ લોકો માટે સમય અને નાણાની બચત સાથે આશિર્વાદરૂપ પૂરવાર થઈ રહી છે.
શિફા કિલનિક દ્વારા મળતી આ અને બીજી આવી સેવાઓ થકી લોકો કહેવાતા મોટા ડૉકટરો અને સર્જનોના હાથે થતી લૂંટફાટ અને ઈલાજના જંગી બિલોથી બચી જાય છે.



**Washing Platform under construction**



**Washing Platform when completed**

સિતપોણ ગામનું દાનવીર દુધિયા કુટુંબ પ્રથમથી જ ગામના ઉત્કર્ષ અને વિકાસ માટે દાન કરવામાં અગ્રસ્થાને રહ્યું છે. એમણે ગામ વિકાસના અનેક કામોમાં હંમેશાં મોખરે રહીને સાથ-સહકાર આપ્યો છે. અત્યારે બની રહેલા આધુનિક ઓવારાનો માતબર ખર્ચ પણ આ કુટુંબ પોતાના એકલા હાથે ઉપાડી રહ્યું છે. અલ્લાહ પાક એમની આવી અનેક સખાવતોને કબુલ કરે અને એમને બેઉ જહાનમાં એનો બેહતરીન બદલો આપે.